# પ્રસ્તાવના

મારી સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ થઈ રહી છે તેનો મને આનંદ છે.

લેખનની શરૂઆત નાની વયે થઈ હતી અને શાળા-કૉલેજનાં વર્ષો દરમિયાન ત્રણ-ચાર સંગ્રહો થાય એટલી વાર્તાઓ 'નવનીત' અને 'આરામ' જેવાં અગ્રણી સામયિકોમાં પ્રગટ થઈ હતી. તે પછી લખવાનું અટકી ગયું. આનો માત્ર ઉલ્લેખ કરું છું; તે વાર્તાઓને ગ્રંથસ્થ કરવાનો વિચાર ક્યારેય આવ્યો નથી.

લાંબા વિરામ પછી લખવાનું 1997માં શરૂ કર્યું અને આજ સુધી નિયમિત લખતો રહ્યો છું. સર્જન પ્રવૃત્તિએ જીવનમાં પાછલાં વર્ષોમાં મને જીવંત રાખ્યો છે અને આંતરિક સમૃદ્ધિ આપી છે. આ મારી પ્રાપ્તિ છે. આ નિમિત્તે કેટલાંક મિત્રો મળ્યા, નાનો પણ સહૃદય વાચકોનો વર્ગ મળ્યો.

આ વાર્તાઓ 'નવનીત સમર્પણ', 'શબ્દસૃષ્ટિ', 'પરબ', 'ગદ્યપર્વ' તથા અન્ય સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થઈ છે. તે માટે તેના સંપાદકો દીપક દોશી, હર્ષદ ત્રિવેદી, રમેશ દવે, યોગેશ જોષી તથા ભરત નાયકનો હું ઋણી છું. વિશેષ ઉલ્લેખ દીપક દોશીનો કરવો જોઈએ, જેમણે આમાંની લગભગ અડધી વાર્તાઓ પ્રગટ કરી!

સદ્ભાગ્યે મને પ્રકાશકો પણ બહુ સારા મળ્યા છે. 'ગુર્જર'ના શ્રી મનુભાઈ શાહ, 'લજ્જા પબ્લિકેશન્સ'ના કનુભાઈ પટેલ તથા 'ડિવાઇન પબ્લિકેશન્સ'ના અમૃતભાઈ ચૌધરી; આ સહુનો હું આભારી છું.

મારાં મોટાભાગનાં પુસ્તકો અપ્રાપ્ય હતાં અને કોઈ દિશામાં નવી આવૃત્તિ કરવા બાબતે ઉત્સાહ દેખાતો ન હતો; આવા સંજોગોમાં ઝેન ઓપસે એક-બે નહીં સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ કરવાની તૈયારી બતાવી. બાર વાર્તાસંગ્રહો અને લગભગ અઢીસો વાર્તાઓ; મને એમ કે બે ભાગ થશે, તો ઝેન ઓપસે ચાર ભાગમાં તેને પ્રગટ કર્યા જેથી હાથમાં લઈ વાચવામાં સરળતા રહે!

દરેક તબક્કે મારી અનુકૂળતાનો વિચાર કર્યો અને આટલું મોટું કાર્ય ધાર્યા કરતાં વહેલું પૂરું કર્યું તે માટે ઝેન ઓપસનો ઋણી છું.

17-10-2025

**– પ્રવીણસિંહ ચાવડા**

# જન્મ

અમદાવાદમાં નદીની પશ્ચિમની એક હાઉસિંગ કોલોનીમાં રવિવારની સવારનાં દૃશ્યો તેમના નિયમિત લયમાં એક પછી એક ભજવાયે જતાં હતાં. ઊંઘરેટિયા ચોકીદારે પણ દરવાજો ઘણો મોડો લગભગ અજવાળું થવા આવ્યું અને દૂધનો ખટારો પસાર થઈ ગયો પછી ઉઘાડ્યો હતો. છાપાંવાળા અને દૂધવાળા તેમની સાઇકલો સાથે શક્ય તેટલા દબ્યા અવાજે આવીને પસાર થઈ ગયા હતા. રસ્તો સાફ કરવાવાળી બાઈ પણ વચ્ચે વચ્ચે સાવરણો મૂકીને એક બંગલા આગળ બે નીચી ડાળીઓ વચ્ચે ખોળામાં સુવાડેલું બચ્ચું મોટેથી રડે નહીં તે માટે જલદી જલદી ત્યાં આંટો દઈ આવતી હતી. બધું ઊંઘરેટિયા છંદમાં અળસાતું હતું.

સનાતનનો રવિવાર પણ એના વર્ષોથી ગોઠવાયેલા ક્રમ પ્રમાણે શરૂ થયો હતો. એ ઘણો વહેલો તો નહીં પણ પત્ની કરતાં સહેજ વહેલો ઊઠતો અને બંને માટે ચા બનાવતો. પછી ટિપૉઈ ઉપર પગ લાંબા કરીને એક કલાક છાપાં વાંચતો અને તૈયાર થઈને ઑફિસે જતો. એમાં વચ્ચે ક્યાંક અભિજિત આંખો ચોળતો ચોળતો દેખાઈ જાય તો બબડતો, “વહેલા ઊઠો, વહેલા ઊઠો, નહીં તો ભીખ માગશો.” રવિવારે એકના બદલે દોઢ કપ ચા બે કપમાં પોણી પોણી, એક કપ રકાબી સાથે, બીજો રકાબી વગરનો – પીતો અને છાપું પણ કલાકને બદલે દોઢેક કલાક ફેંદતો. પછી થોડીક વાર કોલોનીમાં આંટા મારતો. એમાં કોઈ કમ્પાઉન્ડમાંથી હાથ ઊંચો થાય તો ઊભો રહીને સહેજ ટોળટપ્પા કરી લેતો. પછી ટેનિસ રમવા ઊપડી જતો.

આ રવિવારે પણ બધું આ ક્રમમાં જ ચાલતું હતું. છાપું પૂરું કરીને દાઢી ઉપર હથેળી ઘસતો ઘસતો એ ઘર આગળ બગીચામાં હીંચકાના છાપરાની ઉપર પથરાયેલી વેલ ઉપર ઊડાઊડ કરતા એક નાના, અંગૂઠા જેવડા પંખીને જોતો હતો ત્યાં સામેથી અવાજ આવ્યો, “ફૂલસૂંઘણી લાગે છે” એટલે એ હસતો હસતો જિતુભાઈના ઘરે ગયો. બંને ઘરબહાર, પગ લાંબા કરીને ખુરશીઓ ઉપર બેઠા. આ રીતે બંને ક્યારેક અડધોએક કલાક ગપ્પાં મારતા. અડધો અડધો કપ ચા પીતા, ત્યાં એના ઘરમાંથી કે જિતુભાઈના ઘરમાંથી હાક સંભળાતી, “સાંભળ્યું...!” અથવા “કહું છું...” અને એ ઊભો થતો.

આજે પણ એમ જ ચાલતું હતું ત્યાં બારણું ઊઘડ્યું અને જિતુભાઈનાં પત્ની નયનાબહેન તથા અઢાર નંબરવાળાં ચારુનાં મમ્મી બંને સાથે બહાર નીકળ્યાં. ચારુનાં મમ્મી સનાતનને જોઈને સહેજ ખચકાયાં.

ચારુનાં મમ્મીનો આકાર જોઈને સનાતનને ઘણી વાર ગમ્મત સૂઝતી. એણે કાઠિયાવાડી લહેકામાં કહ્યું, “કાં, શ્રીમતી અનિલકુમાર!”

“શ્રીમતી અનિલકુમાર” આવી રમૂજના મૂડમાં ન હોય એવું લાગ્યું. ગંભીર હતાં તેમાંથી સહેજ વધારે ગંભીર અને કડક બની ગયાં. પછી એકદમ ખોટું હસ્યાં, “તમે પણ આવજો ને, સનાતનભાઈ. જોકે હજુ વાર છે. એ તો અમે તમારે ત્યાં પણ કહેવા આવીશું જ ને! પહેલાં મેં

કહ્યું, "લાવો નયનાબહેનને વાત કરું. હજુ તો વાર છે, આવતા રવિવારે. પણ તમારે આવવાનું છે હોં, આ કહ્યું."

સનાતન આ ધડમાથા વગરનું સંભાષણ સાંભળીને હસતો હતો. પૂરું થયું એટલે બોલ્યો, "આવવાનું જ છે. આવીશું જ." પછી જિતુભાઈ સામે ફરીને બોલ્યો, "બોલો જિતુભાઈ, તમને આમાં કાંઈ ખબર પડી?"

નયનાબહેને હસીને ચોખવટ કરી : "એ તો ચારુના ચાંલ્લા છે આવતા રવિવારે"

થોડી વાર સનાતનને કંઈ સમજાયું નહીં. એના હાથમાં ચાનો કપ સહેજ ધ્રૂજ્યો. પછી એણે પૂછ્યું, "ક્યાં કર્યું?"

"સુરત. બહુ સારા લોકો છે. બહુ જ સારા લોકો. છોકરો સી.એ. છે. બોલો સનાતનભાઈ, આપણે બીજું શું જોઈએ?"

પછી "છોકરાં સુખી તો આપણે સુખી"નું ગાણું ત્રણ જુદા જુદા સૂરોમાં ચાલ્યું. એ શમ્યું અને પાત્રો વીખરાવા લાગ્યાં. ચાના કપ પણ ગયા એટલે સનાતન ઊભો થયો. ઊઠતાં ઊઠતાં કંઈક કહેવું જોઈએ એમ લાગ્યું એટલે બોલ્યો, "છોકરી બહુ સારી, જિતુભાઈ. આ લોકો પણ બિચારાં બહુ ભલાં માણસો."

ઘરમાં પ્રવેશીને એ બેઠકખંડની વચ્ચોવચ થોડીક વાર ઊભો રહ્યો. એની પત્ની ત્યાં નહોતી. અભિજિત એની આદત પ્રમાણે હજુ ઉપરના ઓરડામાં ઊંઘતો હતો. એણે એકાદબે આંટા માર્યા, ટિપૉઈ ઉપર છાપું વાળીને સરખું ગોઠવ્યું અને પછી રસોડામાં ગયો. એની પત્ની પ્લેટફૉર્મ પાસે ઊભીઊભી શાક સમારતી હતી. સનાતન થોડીક વાર એની પીઠ સામે જોઈ રહ્યો. પછી માટલામાંથી પાણી લીધું, એક ઘૂંટડો મોંમાં રાખીને પત્નીની સામે જોઈ રહ્યો. પછી ધીમેથી કહ્યું, "અભિજિત ક્યાં છે?"

"સૂતો છે. એને ક્યાં હજુ ટાઇમ થયો છે!"

"ના, આ તો મેં કહ્યું..."

"રવિવાર છે. છોને ઊંઘતો."

એણે એકદમ કહ્યું, "સાંભળ..."

પત્ની એની તરફ ફરી.

"એક વાત કરવાની છે."

પત્નીએ ચપ્પુ નીચે મૂકી દીધું અને સહેજ ઝીણી આંખો કરી એની સામે જોઈ રહી. "પણ છે શું? કેમ આમ થઈ ગયા છો?"

એણે કહ્યું, "સાંભળ."

પછી અટકીને કહ્યું, "તેં જાણ્યું? ચારુના ચાંલ્લા છે. એનાં મમ્મીએ કહ્યું. હું જિતુભાઈને ત્યાં બેઠો હતો ત્યાં આવીને સામેથી જ કહ્યું. કહેઃ આવતા રવિવારે છે, જરૂર આવજો. એ તો જાણે ઠીક પણ આમ વાત છે, બોલ."

એની પત્ની નીચું જોઈને ઊભી હતી. એના હોઠ ધ્રૂજતા હતા.

“આ લોકો તો ખરાં છે” એ બોલવા ગઈ પણ ફાવ્યું નહીં. એનો શ્વાસ રૂંધાતો હતો. સનાતન એની પાસે ગયો અને એના ખભે બે હાથ મૂક્યા. પછી બોલ્યો, “આવું હોય, દોસ્ત? આમ જો, મારી સામે.”

લગ્ન પછીનાં શરૂઆતનાં વર્ષોમાં આ એની ‘સ્ટાઇલ’ હતી. કંઈક ધૂંધવાટ હોય, પત્ની દુઃખીદુઃખી થઈને ફરતી હોય ત્યારે સામે સીધો સ્વસ્થ ઊભો રહી, એના બંને ખભે બે હાથ ચપોચપ મૂકી દઈ આ શબ્દ બોલતો “દોસ્ત.”

હમણાં ઘણા વખતથી આ શબ્દ નહોતો બોલાયો. હવે એ ચણભણાટ નહોતો રહ્યો. ઊર્મિઓનાં તોફાનો નહોતાં રહ્યાં પણ આજે પત્નીને રસોડા વચ્ચે ધ્રૂજતા હોઠે નિઃસહાય ઊભેલી જોઈ ત્યારે બહુ વર્ષો પછી એને, હમણાંથી સાવ અજાણ્યા લાગતા આ ચહેરામાં પરિચિત રેખાઓ જણાઈ અને પેલો જૂનો શબ્દ નીકળ્યો.

થોડી વારે એની પત્ની સ્વસ્થ થઈ. સનાતને એને પાણીનો પ્યાલો આપ્યો.

“આને ખબર હશે?” છેવટે એણે પૂછી નાખ્યું.

“ખ્યાલ નથી આવતો. પણ ખબર નહીં જ હોય. નહીં તો મને કહ્યા વગર ન રહે.” પછી પાછી એકદમ ભોંઠી પડી ગઈ હોય તેમ બોલી, “આ લોકો તો ઉસ્તાદ નીકળ્યાં. અંદર અંદર ચાલતું હશે. અભિજિતને ખબર પણ નહીં પડવા દીધી હોય.”

પછી એકદમ યાદ આવ્યું. “કાલે તો આવી હતી.”

“ચારુ?”

“હા, કોઈ ચોપડી આપવા આવી હતી. જબરી મીંઢી નીકળી.”

સનાતનને ચારુ વિશે આમ વાત થાય તે ન ગમ્યું.

એણે કહ્યું, “એવું ન બોલાય. એ છોકરી બિચારી...”

“હજુ બિચારી બિચારી? આટલાં વરસ આ છોકરાને ફેરવ્યો. ખુલ્લંખુલ્લાં સાથે ફર્યાં. અહીં આવે ત્યારે પણ ઉપર અભિજિતના રૂમમાં ચડી જતી હતી અને બે કલાકે પણ ઊતરતી નહોતી. તે એને ભાન નહોતું? એની માને ભાન નહોતું?”

“ધીમે બોલ.” સનાતને કહ્યું.

“ધીમે શું બોલું! જ્ઞાતિનો વાંધો હોય તો ચાર વરસ સાથે ફર્યાં ત્યારે વિચારવું જોઈતું હતું ને!”

આ આખી વાતમાં સનાતનનું વલણ ખુલ્લું અને તટસ્થ હતું. આમ તો છોકરો સનાતનની ચેતનાના પરિઘ ઉપર આઘોઆઘો અસ્પષ્ટ ફરતો હતો. એમાં એ મોટો થતો હતો, એનાં પેન્ટશર્ટ નાનાં પડતાં હતાં, કૉલેજ જતો હતો, દાઢી કરતો થયો હતો, ઝડપથી મોટરસાઇકલ દોડાવતો હતો, મોટરસાઇકલ ખોલીને રિપેર કરવા બેસી જતો હતો, રાત્રે મોડો આવતો હતો, સનાતન ક્યારેક ગુસ્સે થાય તો “હાય ડેડ!” કહીને એને હસાવી દેતો હતો.

એક દિવસ ધડાક દઈને બોલી પણ ગયો હતો, “ચારુ બરાબર છે ને, પપ્પા?”

સનાતનને સહેજ ખ્યાલ આવ્યો હતો. છતાં અજાણ્યા થતાં પૂછ્યું, “શું બરાબર છે?”

“આપણા ઘરમાં વહુ તરીકે?”

એણે છોકરાને ધબ્બો માર્યો હતો : “બેશરમ-નફ્ફટ!” અભિજિત નાટકના ખલનાયકની જેમ કાળાં ચશ્માં ચડાવી આકાશ સામે જોઈને “હા...હા...”એવું અટ્ટહાસ્ય કરીને ભાગી ગયો હતો.

એટલે આ આખી વાત સનાતન માટે જીવનના મુખ્ય નાટકની પાછળ ઠીકઠીક દૂર પણ ધીમેધીમે છટાથી ભજવાતો એક ગૌણ પાઠ હતો. અસ્તિત્વનો એક લઘુ લય હતો. સનાતનને હમણાંહમણાં લાગતું હતું કે પોતે બ્રહ્માંડનું સંગીત થોડુંથોડું સમજે છે. એ સંગીત સાથે આ લયનો તાલ ઠીકઠીક મળતો હતો.

બધું બરાબર હતું.

ચારુ સારી છોકરી હતી અને આમ જુઓ તો આ છોકરીઓમાં સનાતનને લાંબી સમજ પણ શી પડે? અભિજિતનાં અનેક મિત્રો-બહેનપણીઓમાં ચારુને તે વર્ષોથી જોતો હતો. ચારુ તેને એક ખાસ માનથી બોલાવતી તે પણ એ જાણતો-સમજતો હતો. ક્યાંય ક્યારેય સ્પષ્ટ વાત નહોતી થઈ બંને વચ્ચે. “જો બેટા, અભિજિત મારો દીકરો છે, પણ તું આ ઘરમાં આવે ત્યારે –” આવી વાતો કરવાના વેવલાવેડા સનાતનમાં નહોતા.

એક નાની ઘટના એક વાર બની તેનાથી તો આ છોકરી તેને વિશેષ ગમી હતી. એક સાંજે સનાતન કોલોનીમાં ધીમેધીમે ટહેલતો હતો. ત્યાં ચારુને એના ઘર આગળ બેઠેલી જોઈ. સનાતનને જોઈને એ ઊભી થઈ અને પાસે આવી. બંને કમ્પાઉન્ડની દીવાલની બે બાજુ ઊભાં રહ્યાં. ચારુએ કહ્યું, “કેમ, અંકલ?”

સનાતને જોયું. એની આંખોમાં લાલાશ હતી. “તબિયત સારી નથી?” એણે પૂછ્યું.

“ના. એવું નથી.”

“તું રડી લાગે છે.”

“એ તો અંકલ, સાચું કહું, એક ચોપડી વાંચીને એટલે.”

ચોપડી વાંચીને રડવાનું? આજના જમાનામાં?

“કઈ ચોપડી?”

“તમારે ત્યાંથી લાવી હતી, વિપ્રદાસ”.

સનાતનને આશ્ચર્ય થયું. શરદબાબુની વાર્તાઓ આ કન્યાને પણ સ્પર્શે છે? એને ખૂબ સારું લાગ્યું. રસ પણ પડ્યો. રમૂજથી કહ્યું, “તે એમાં રડવાનું શાનું હોય?”

“મને કંઈક થાય છે. ઝીણુંઝીણું બળે છે. થાય છે કે આવી દુનિયાની તો મને ખબર જ નહોતી. આવાં માણસો હશે? આવી લાગણીઓ લોકો અનુભવતાં હશે?”

આવી હતી ચારુ, અથવા સનાતન એને આવી સમજ્યો હતો.

પણ હજુ સનાતનને એના ઉપર ગુસ્સો નહોતો આવતો. એ ગમે તે હોય. માણસની શી ખબર પડે?

પ્રશ્ન હતો ઉપરના ઓરડામાં શાંતિથી ઊંઘતા છોકરાનો. એણે ગળું ખોંખાર્યું. ઉપરની દિશામાં સહેજ હાથ કર્યો.

"એ અભિજિત જાગશે ત્યારે?"

એ સાથે જ એની પત્નીના ગળામાંથી ડૂસકું નીકળી ગયું. સહેજ ગુસ્સાથી, પરંતુ અત્યંત વેદના સાથે સનાતને એના મોં ઉપર હાથ મૂક્તાં કહ્યું, "જુઓ. તમને મારા સમ. આવું નથી કરવાનું. અભલો જાગી જશે."

અભિજિત માટે આજે વર્ષો પછી એના મોંમાંથી આ શબ્દ નીકળ્યો.

એની પત્ની શાંત થઈ ગઈ. ચાનાં કપરકાબી આઘાંપાછાં કરી, થોડાક ડબ્બા આમતેમ કર્યા. પછી કહ્યું, "તમે નાહી લો. બહાર જવાનું નથી?"

આ બોલવા ખાતર જ બોલાયું હતું એની સનાતનને ખબર હતી. રવિવારે તો પોતે ખૂબ મોડે નહાતો.

એ બોલ્યા વગર રસોડામાંથી નીકળીને બેઠકખંડમાં જઈ બેઠો.

એની પત્ની પાછળ જ આવી અને સોફા ઉપર થોડેક દૂર બેઠી.

થોડીક વાર બંને મૌન રહ્યાં. સનાતન ટટ્ટાર બેઠેલી પત્નીના શૂન્ય ચહેરા સામે જોઈ રહ્યો. એ એકીનજરે નીચે ફરસ ઉપર તાકી રહી હતી. બંનેની આજુબાજુ પુત્રનો ચહેરો ખડખડાટ હસતો મોટો મોટો થઈને આખા ઓરડાની હવાને ભરી દેતો તરતો હતો.

ઘરમાં મૃત્યુ થયું હોય અને બીજા ઓરડામાં લાશ પડી હોય એવી શાંતિ હતી.

હવામાં કઠોર પ્રશ્ન હતો – પુત્ર જાગશે ત્યારે?

અચાનક સનાતન ઊભો થયો. પત્ની પણ સાથે જ ઊભી થઈ.

બંને અવાજ ન થાય તેમ દાદર ચડ્યાં.

સનાતને હળવેથી ઓરડાનું બારણું ઉઘાડ્યું. બંને અંદર પ્રવેશીને પથારી પાસે ઊભાં રહ્યાં.

અભિજિત એની ટેવ પ્રમાણે અદબ વાળીને ચત્તોપાટ સૂતો હતો. મોં ઉપર પ્રગાઢ શાંતિ હતી. આખો ઓરડો સ્તબ્ધ હતો. ચારે તરફ એની વસ્તુઓ – પાટલૂન, જૅકેટ, ચોપડાઓ અસ્તવ્યસ્ત પડ્યાં હતાં. ખાટલા ઉપર પણ એક પાટલૂનનો ડૂચો પડેલો હતો. આખા ઓરડાની એ અવ્યવસ્થા વચ્ચે ચત્તોપાટ સૂતેલો, સ્વસ્થ શાંત અભિજિત જાણે પોતાના અસ્તિત્વથી આખા ઓરડાને એક સૌમ્ય શાંતરસથી ભરી દેતો હતો.

ખાસ્સી વાર બંને મૌન ઊભાં રહ્યાં. થોડી વારે સનાતને એની પત્ની સામે સહેજ નજર કરી. પછી એનો હાથ અભિજિતના માથા તરફ લંબાયો. અભિજિત નાનો હતો ત્યારે એના પારણા ઉપર ઝૂકતાં એમ બંને સાથે એની પથારી ઉપર ઝૂક્યાં અને બંનેનાં મોંમાંથી લગભગ સાથે જ શબ્દો નીકળ્યા, "ઊઠો, બેટા અભુ."

*સુગંધિત પવન – ૧૯૯૮*